પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૬૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૨-૦૭-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં સાંબેલાધારે વરસાદ વરસ્યો, ૨ કલાકમાં સાડા ચાર ઈંચ વરસાદ



દ્વારકા

ગુજરાતમાં છેલ્લા બે દિવસથી ચોમાસુ જામ્યુ છે. વિતેલા ૨૪ કલાકમાં રાજ્યના ૨૧૪ તાલુકામાં વરસાદ વરસ્યો છે. જેમાં સૌથી વધુ વરસાદ સુરતના પલસાણા તાલુકામાં નોંધાયો છે. તો આજે પણ વરસાદે તેની તોફાની બેટિંગ યથાવત રાખી છે. આજે દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં સાંબેલાધારે વરસાદ વરસ્યો છે. સવારના ૬થી ૮ વાગ્યા સુધીના માત્ર બે કલાકમાં જ સાડા ચાર ઈંચ વરસાદ નોંધાયો છે.બે કલાકમાં વરસેલા સાડા ચાર ઈંચ વરસાદને પગલે, ખંભાળિયા પાણી પાણી થઈ ગયું છે. ખંભાળિયામાં ખબકેલા ધોધમાર વરસાદના કારણે તેલી નદીમાં પૂર આવ્યું હતું. ધોધમાર વરસાદથી ખંભાળિયાના મુખ્ય માર્ગો પર નદી જેવા દ્રશ્યો સર્જાયા હતા. ઠેર ઠેર ધસમસતા પાણી જોવા મળ્યા હતા. ખંભાળિયાના નગરગેટ, જોધપુરગેટ, સોનીબજાર સહિતના માર્ગોપર વરસાદી પાણી ફરી ફળ્યા હતા. ખંભાળિયાની સાથેસાથે ગ્રામ્ય પંથકમાં પણ સારો વરસાદ નોંધાયો છે.

મેઘરાજાએ સૌરાષ્ટ્રમાં તોફાની બેટિંગ ચાલુ રાખી છે. આજે સવારે ૬થી ૮ સુધીના બે કલાકમાં દેવભૂમિ દ્વારકાના ખંભાળિયામાં વરસેલા સાડા ચાર ઈંચ વરસાદની સાથે સાથે જૂનાગઢ અને રાજકોટ જિલ્લામાં પણ બઘડાટી બોલાવી છે. વિસાવદર અને કાલાવડમાં ત્રણ ઈંચ વરસાદ વરસ્યો છે, તો ધોરાજી, ઉપલેટા અને કલ્યાણપુરમાં સવારે ૬થી ૮ સુધીના બે કલાકમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે.

જામનગરના ગ્રામ્યવિસ્તારોમાં આજે ધોધમાર વરસાદ વરસ્યો છે. કાલાવડ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન તેમજ વીજળીના કડાકા સાથે વરસાદ વરસ્યો છે. કાલાવડ તાલુકાના નવાગામ, મોટીવાવડી, ધૂનધોરાજી, ભંગડા, ટોડા, ફગાસ, અરલા સહિતના ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ આવ્યો છે. ધોધમાર વરસાદને પગલે, સ્થાનિક નદીમાં પણ પૂરની સ્થિતિ સર્જાઈ છે. છેલ્લા બે કલાકમાં આશરે ૩ ઈંચ કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે. વરસાદી પાણી ખેતરોમાં ફરી વળ્યા છે.

જુનાગઢ જિલ્લાના માણાવદરમાં સવાર સુધીમાં ૮ ઈંચ વરસાદ પડતા માણાવદર શહેરના નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા છે. આ ઉપરાંત માણાવદરની જીવાદોરી સમાન રસાલા ડેમ પણ પ્રથમ વરસાદે જ ઓવરફ્લો થઈ ગયો છે. જ્યારે માણાવદરના ગોકુળ નગર, અમૃત નગર, ગીરીરાજ સોસાયટીમાં કમર સુધી પાણી ભરાઈ જતા લોકો ભારે મુશ્કેલીમાં મુકાયા છે.ભારે વરસાદને પગલે જુનાગઢ કલેક્ટર દ્વારા લોકોને અપીલ કરવામાં આવી કે, કોઈપણ આપાતકાલીન પરિસ્થિતિમાં કંટ્રોલ રૂમનો સંપર્ક કરવો. ભારે વરસાદની પરિસ્થિતિમાં નદીના પટમાં અવર જવર ન કરવા તથા નદી-નાળાઓમાં નાહવા ન જવા માટે નમ્ર વિનંતિ છે.જુનાગઢમાં ગિરનાર પર્વત ઉપર ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. માહિતી અનુસાર,ગિરનાર પર્વત પર ચાર કલાકમાં છ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો છે.ભારે વરસાદને પગલે દામોદર કુંડ ઓવરફ્લો થયો છે.ગતમોડી રાત્રીથી જ શહેર તેમજ જિલ્લામાં ભારે વરસાદ ખાબકી રહ્યો છે. હાલમાં નીચાણવાળા વિસ્તારોને ભારે વરસાદને પગલે એલર્ટ કરવામાં આવ્યા છે.ગિરનાર પર્વત ઉપર હજુ પણ ધોધમાર વરસાદ શરૂ છે.ભારે વરસાદને કારણે જુનાગઢના (૧) સમેગા -કોડવાવ રસ્તા પર સમેગા તળાવનું પાણી ભરાયેલા હોય હાલમાં રસ્તો બંધ છે.(૨) કોયલાણા - કોઠડી ઓજત નદીનું પાણી આવતા હાલ બંધ થયેલ છે. (૩)બૉડકા - પીપલાણા ઓજતનું પાણી આવતા હાલ રસ્તો બંધ છે. અવર જવર ના કરવા વિનંતિ.રાજ્યમાં અત્યારે કુલ ૧૪ માર્ગો બંધ કરવાની ફરજ પડી છે. રાજ્યમાં પડી રહેલા વરસાદને કારણે પંચાયત હસ્તકના ૧૨ માર્ગ અને અન્ય બે માર્ગ બંધ કરવામાં આવ્યા છે. તો સુરતમાં ૬, પોરબંદરમાં બે માર્ગ, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર ભાવનગર એક એક માર્ગ બંધ કરાયો છે. રાજ્યમા ૯ જીલ્લામા એનડીઆરએફ ટીમ તૈનાત કરવામા આવી છે. નર્મદા, કચ્છ, રાજકોટ, વલસાડ, દ્વારકા, ગીર સોમનાથ, ભાવનગર, અમરેલી અને સુરત જીલ્લામા એક એક ટીમ તૈનાત કરાઈ છે.હવામાન ખાતાની આગાહીને પગલે સાર્વત્રિક મેઘરાજા ધબધબાટી બોલાવી રહ્યાં છે. ઉપલેટા શહેર તેમજ ગ્રામ્ય પંથકમાં ધોધમાર વરસાદને લઈને અમુક ગામો સંપર્ક વિહોણા બન્યા છે. ઉપલેટા તાલુકાના લાઠ, ભીમોરા, મજેઠી, કુઢેચ, તલંગણા સહિતના ગામોમાં રાત્રિના ૧૨:૦૦ વાગ્યાથી સવારના ૦૭:૦૦ વાગ્યા સુધીમાં ૪ થી ૬ ઈંચ વરસાદ જોવા મળ્યો છે. લાઠ ગામે પડેલા ભારે વરસાદને કારણે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગામ સંપર્ક વિહોણું થયું છે. માણાવદર તાલુકાનાવર્ષો પણ વરસાદને લઈને ગામની ચારે તરફ જળબંબાકારની સ્થિતિમાં આવી ગયુ છે. લાઠ ગામથી ઉપલેટા તરફનો કોઝવે પાણીમાં ગરકાવ થયો છે. સમગ્ર રાજ્ય વરસાદથી ભીંજાઈ ગયું છે. રોડ રસ્તાઓમાં વરસાદી પાણી ભરાયાં છે. લોકોને ગરમી અને ઉકળાટથી મુક્તિ મળી મળી છે. તેમજ વાતવરણ ટાઢું બોળ થયું છે. ગીર સોમનાથનાં ઉના તથા ગીરગઢડા તાલુકામાં વાવણી લાયક વરસાદની ખેડૂતો રાહ જોઈ રહ્યાં હતાં તેનો અંત આવ્યો છે. આથી ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. ભિડોરા અને ઈન્દ્રા ગામથી આવતી ઉપલેટા બસ લાઠ ગામે ફસાઈ છે. જેથી ભિડોરા, ઈન્દ્રા, ભીમોરા અને લાઠથી ઉપલેટા અભ્યાસ અર્થે આવતા વિદ્યાર્થીઓ લાઠ ગામે રોકાવાની ફરજ પડી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદને લઈને ગામની ચારે તરફ જળબંબાકારની સ્થિતિમાં આવી ગયુ છે. લાઠ ગામથી ઉપલેટા તરફનો કોઝવે પાણીમાં ગરકાવ થયો છે. સમગ્ર રાજ્ય વરસાદથી ભીંજાઈ ગયું છે. રોડ રસ્તાઓમાં વરસાદી પાણી ભરાયાં છે. લોકોને ગરમી અને ઉકળાટથી મુક્તિ મળી મળી છે. તેમજ વાતવરણ ટાઢું બોળ થયું છે. ગીર સોમનાથનાં ઉના તથા ગીરગઢડા તાલુકામાં વાવણી લાયક વરસાદની ખેડૂતો રાહ જોઈ રહ્યાં હતાં તેનો અંત આવ્યો છે. આથી ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે.

## પશ્ચિમ બંગાળમાં એક મહિલાને જાહેરમાં મારવામાં આવ્યો, મારનાર ટીએમસી સાથે જોડાયેલો છે



કોલકતા,

પશ્ચિમ બંગાળમાં એક મહિલાને જાહેરમાં મારવા પર ભાજપે મમતા બેનરજી પર પ્રહાર કર્યા છે. પશ્ચિમ બંગાળમાંથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં એક વ્યક્તિ ભીડ વચ્ચે રસ્તાની વચ્ચે એક મહિલા અને તેના પાર્ટનરને ખરાબ રીતે માર મારી રહ્યો છે. આ વીડિયોને લઈને રાષ્ટ્રીય સ્તરે રાજકારણ ગરમાયું છે. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડાથી લઈને ડાબેરી પક્ષો બધા રાજ્યના શાસક પક્ષ અને મુખ્યમંત્રી મમતા બેનર્જી પર પ્રહારો કરી રહ્યા છે. મમતા બેનર્જી પર પણ સવાલો ઉઠી રહ્યા છે કારણ કે દાવો કરવામાં આવ્યો છે કે વીડિયોમાં જે વ્યક્તિ મહિલાને ખરાબ રીતે મારતો જોવા મળી રહ્યો છે તે ટીએમસી સાથે જોડાયેલો છે.

રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે મહિલા અને પુરુષ વચ્ચે અવૈધ સંબંધો હતા, જેના કારણે પંચાયતના નિર્ણય બાદ ટીએમસી નેતા દંપતીને તાલિબાની ક્રૂરતાથી મારતા હતા. કથિત ટીએમસી નેતાની ઓળખ તજમુલ ઉર્ફે જેસીબી તરીકે થઈ છે, જે રાજ્યના ઉત્તર દિનાજપુરના ચોપરામાં આ ઘટનાને અંજામ આપી રહ્યો હતો.

માહિતી અનુસાર, આરોપી ટીએમસી નેતા જેસીબીએ સ્થાનિક રીતે કેટલાક લોકોની પંચાયતનું આયોજન કર્યું હતું અને પછી તેમને (દંપતીને) સજા કરવાનો નિર્ણય લીધો હતો. પોલીસે આ મામલે કેસ નોંધીને આરોપી તજમુલની ધરપકડ કરી લીધી છે. ટીએમસીના ધારાસભ્ય હમીદુલ રહેમાનનું કહેવું છે કે મહિલાની ગતિવિધિઓ અસામાજિક હતી, પરંતુ ધારાસભ્યએ એ વાતનો ઈક્કાર કર્યો છે કે આરોપીનો ટીએમસી સાથે કોઈ સંબંધ છે.

ટીએમસી ધારાસભ્ય હમીદુલ રહેમાનનું કહેવું છે કે આ મામલો ગામડાનો છે અને તેની પાર્ટી ટીએમસી સાથે તેને કોઈ લેવાદેવા નથી, પરંતુ હવે તેમનું નિવેદન પણ વિવાદાસ્પદ બન્યું છે. તેનું કારણ એ છે કે તેણે આ સજાને મુસ્લિમ રાષ્ટ્ર સાથે પણ જોડી દીધી હતી. ધારાસભ્યનું કહેવું છે કે અમે આ ઘટનાની નિંદા કરીએ છીએ પરંતુ મહિલાએ ખોટું કર્યું છે, તેણીએ તેના પતિ અને બાળકોને છોડી દીધા હતા અને ગેરકાયદેસર સંબંધો હતા. મુસ્લિમ રાષ્ટ્ર અનુસાર કેટલાક સંહિતા હોય છે અને તે મુજબ ન્યાય થાય છે.

ધારાસભ્યએ કહ્યું કે અમે માનીએ છીએ કે જે પણ થયું તે ઘણું હતું. હવે આ મામલે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. મુસ્લિમ રાષ્ટ્રના ઉલ્લેખ પર ભાજપ ગુસ્સે છે અને પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સુકાંત મજુમદારે પૂછ્યું કે શું સ્ક્ર એવું કહેવાનો પ્રયાસ કરી રહી છે કે પશ્ચિમ બંગાળ શરિયા કાયદો લાગુ કરવામાં આવશે.

## મહારાષ્ટ્રના લોનાવાલા હિલ સ્ટેશન નજીક પિકનિક મનાવવા ગયેલા ૫ લોકો ડૂબી ગયાં



પુણે

લોનાવાલા હિલ સ્ટેશનની નજીક એક ઝરણામાં એક મહિલા અને ચાર બાળકો સહિત પાંચ લોકો તણાઈ ગયા હતાં. આ જાણકારી એક પોલીસ અધિકારીએ આપી છે. લોનાવાલ પોલીસ સ્ટેશનના પ્રભારી મયૂર અગ્નવેએ જણાવ્યું કે, આ ઘટના રવિવાર બપોરે બે વાગ્યા આસપાસની છે. જ્યારે બાળકો અને અમુક લોકો ભુશી ડેમ નજીક પહાડી વિસ્તારમાં વહી રહેલા ઝરણામાં ન્હાવાનો આનંદ લેવા ગયા હતાં.

પ્રારંભિક જાણકારી અનુસાર, ઘટનાનો શિકાર મહિલાની ઉંમર લગભગ ૪૦ વર્ષ અને બાળકોની ઉંમર ૪થી ૮ વર્ષની વચ્ચે છે. આ તમામ પુણેના સૈય્યદ નગરના રહેવાસી હતી. સ્થાનિક લોકોએ જણાવ્યું કે, તે ઝરણાના સપાટી પર લાગેલા પથ્થરમાં લપસી જતાં પાણીમાં તણાઈ ગયા અને ડૂબી ગયા હતા. અગ્નવે જણાવ્યું કે, સ્થાનિક લોકો અને પોલીસની બચાવ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.પુણે દેહાત પોલીસ અધીક્ષક પંકજ દેશમુખે કહ્યું કે, આ ઘટના આજે દોઢ વાગ્યે થઈ છે. જે બાદ સર્ચ ઓપરેશન અને બચાવ ટીમોને ઘટનાસ્થળે મોકલી દીધી છે. દેશમુખે કહ્યું કે, અમે ૪૦ વર્ષિય મહિલા અને ૧૩ વર્ષિય છોકરીની લાશ મળી છે. ઘટનામાં ૭ વર્ષિય બે છોકરી અને ચાર વર્ષિય એક છોકરો ગુમ છે. એવું લાગે છે કે, તેઓ એક જ પરિવારના સભ્ય છે અને ભુશી ડેમથી લગભગ બે કિમી દૂર એક ઝરણામાં લપસી ગયા અને જળાશયમાં ડૂબી ગયા હતા.

## કેદારનાથમાં હિમ સ્ખલન, બરફનો પહાડ થયો ધરાશાયી, કોઈ જાન-માલના નુકસાન નહીં



દહેરાદુન,

ઉત્તરાખંડનું હવામાન બદલાયું છે. આ દરમિયાન કેદારનાથમાંથી એક ભયાનક તસવીર સામે આવી છે. અહીં ગાંધી સરોવર પર હિમ સ્ખલન થયો અને થોડી જ વારમાં બરફનો પર્વત નીચે આવ્યો. આ ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર અત્યાર સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી.

જ્યારે આ ઘટના બની ત્યારે કેદારનાથ મંદિર પાસે કોઈએ તેને કેમેરામાં રેકોર્ડ કરી લીધી હતી. અહીં બરફથી ઢંકાયેલો પહાડ અચાનક તૂટી પડતો સ્પષ્ટ જોઈ શકાય છે. દર્શન માટે ભક્તોની ભારે ભીડ ઉમટી પડી હતી ત્યારે બધાની નજર પહાડ પર ટકેલી હતી.

આ ઘટના ઉત્તરાખંડના રૂદ્રપ્રયાગ જિલ્લામાં બની હતી. આ દુર્ઘટના અહીં કેદ્રાનાથ મંદિર પાસે ગાંધી સરોવર પર બની હતી. આ ઘટના વિશે માહિતી આપતા રુદ્રપ્રયાગના એસએસપી ડૉ. વિશાખા અશોક ભદાનેએ જણાવ્યું કે આ ઘટના સવારે ૫ વાગ્યે બની હતી. અહીં કેદારનાથમાં ગાંધી સરોવરની ઉપર હિમપ્રપાતનો મામલો સામે આવ્યો છે. તેમણે કહ્યું કે આ ઘટનામાં કોઈ જાનહાની કે જાનહાનિ થઈ નથી.

કેદારનાથમાં આ હિમસ્ખલનનો વીડિયો સામે આવ્યો છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે મંદિરની પાછળના પહાડ પર અચાનક હિમપ્રપાત થાય છે. હિમસ્ખલનમાં, તૂટેલો બરફ ખૂબ જ ઝડપે નીચે તરફ આગળ વધી રહ્યો છે. આ દ્રશ્ય જોઈને ઘણા લોકો ચોંકી ગયા હતા. જો કે મંદિરની પાછળ ગાંધી સરોવર હોવાને કારણે હિમસ્ખલન ત્યાં જ અટકી ગયો અને આગળ વધી શક્યો નહીં. જેના કારણે મંદિર પરિસરમાં હાજર હજારો લોકોના જીવ બચી ગયા. કેદારનાથ મંદિરને પણ કોઈ નુકસાન થયું નથી.રિપોર્ટ્સ અનુસાર, આ દુર્ઘટનામાં કોઈ જાન-માલનું નુકસાન થયું નથી અને મંદિર પણ સંપૂર્ણપણે સુરક્ષિત છે. તમને જણાવી દઈએ કે આ પહેલીવાર નથી જ્યારે કેદારનાથ પર આફતના વાદળો છવાઈ ગયા હોય. આ પહેલા પણ કેદારનાથમાં કુદરતી આફતો આવી ચુકી છે. ૨૦૧૩ની દુર્ઘટના તેનું ઉત્તમ ઉદાહરણ છે. કેદારનાથ મંદિરથી કેટલાક કિલોમીટરની ઉંચાઈ પર આવેલા ચોરાબારી તળાવ પર વાદળ ફાટવાને કારણે મંદાકિની નદી વહેતી થઈ હતી. આ દુર્ઘટનામાં ઘણા લોકોએ જીવ ગુમાવ્યા અને હજારો ઘાયલ થયા.

તમને જણાવી દઈએ કે ચારધામ યાત્રા ૧૦ મેથી શરૂ થઈ હતી. અક્ષય તૃતીયાના અવસરે ગંગોત્રી, યમુનોત્રી અને કેદારનાથના દ્વાર ખોલવામાં આવ્યા હતા. બદ્રીનાથના દરવાજા પણ ૧૨મી મેના રોજ અને હેમકુંડ સાહિબના દરવાજા ૨૫મી મેના રોજ ખોલવામાં આવ્યા હતા.

## ઉતર પ્રદેશમાં ૧૮ વર્ષથી નીચેની વયના છાત્રોને પંપ પરથી પેટ્રોલ-ડીઝલ નહીં મળે

લખનૌ

ઉતર પ્રદેશની સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે.૧૮ વર્ષથી નીચેનાં વિદ્યાર્થીઓ પર ટુ વ્હીલર, ફોર વ્હીલર ચલાવવા પર રોક લગાવવા પેટ્રોલ પંપ પરથી તેમને ડીઝલ-પેટ્રોલ આપવા પર પ્રતિબંધ લગાવાયો છે.

વધતા જતા અકસ્માતોને રોકવા આ નિર્ણય લેવાયો છે. એટલે આજથી યુપીમાં સગીરને પેટ્રોલ પંપ પરથી પેટ્રોલ-ડીઝલ નહીં મળે. પેટ્રોલ પંપ પર આ મામલે વોચ રહેશે અને નોટીસ ૫૦૮ લગાવવામાં આવશે.

રાજય બાલ અધિકાર સંરક્ષણ આયોગનાં સભ્ય ડો.સુચિતા ચતુર્વેદીએ માધ્યમિક અને બેઝીક શિક્ષણ નિર્દેશક પોલીસ મહા નિર્દેશક ખાદ્ય રસદ વિભાગનાં કમિશ્નર પરિવહન કમિશ્નર અને પોલીસ મહા નિરિક્ષકને દિશા-નિર્દેશ જાહેર કર્યા છે.

## એનડીએ સાથે ગઠબંધન કરીને ફસાયા નેતા, ભાજપ સીટો નહીં આપે તો ઉમેદવારો પક્ષપલટો કરી શકે છે

મુંબઈ

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા ડેપ્યુટી સીએમ અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીમાં સંભવિત ભંગાણની અટકળો ચાલી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ટૂંક સમયમાં જ અજીત જૂથના ઘણા નેતાઓ કાકા શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીમાં સામેલ થઈ શકે છે. જો કે હજુ સુધી આ અંગે સત્તાવાર રીતે કંઈ કહેવામાં નથી આવ્યું. રાજ્યમાં આ વર્ષના અંત સુધીમાં વિધાનસભાની ચૂંટણી યોજાઈ શકે છે.

અજીત પવારની આગેવાની હેઠળની એનસીપીના પિંપરી ચિંચવડ યુનિટના પ્રમુખ અજીત ગ્વહાણે વરિષ્ઠ પવારની પાર્ટીમાં જઈ શકે છે. મહત્વની વાત એ છે કે ગ્વહાણેએ ભોસારી બેઠક પરથી વિધાનસભા ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. અહેવાલ પ્રમાણે ભારતીય જનતા પાર્ટીના નેતાઓનું કહેવું છે કે પાર્ટી એનસીપીને ભોસારી બેઠક નહીં આપશે.ગ્વહાણેની સાથે-સાથે ૧૫ થી વધુ ભૂતપૂર્વ કાઉન્સિલરો પણ એનસીપી એસપી નો હિસ્સો બની શકે છે. એવા અહેવાલો છે કે, ગ્વહાણે અને પૂર્વ કાઉન્સિલરોનું એક જૂથ શરદ પવારના પુણે સ્થિત નિવાસસ્થાને મળવા પહોંચ્યા હતા. જ્યારે ગ્વહાણે આવી કોઈ બેઠક કરી હોવાનો ઈક્કાર કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે તેઓ હાલમાં જ અજીતને મળ્યા હતા અને ભોસારી બેઠક પરથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.

જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે જો તેમને અજીત તરફથી ગ્રીન સિગ્નલ ન મળે તો શું તમે પાર્ટી છોડી દેશો. તેના પર તેમણે કહ્યું કે, અત્યાર સુધી મારા નેતાએ રેડ સિગ્નલ નથી બતાવ્યું. આવી સ્થિતિમાં હું આ અંગે હાલમાં કોઈ ટિપ્પણી કરવા નથી માંગતો. પરંતુ એક વાત સ્પષ્ટ છે કે મેં ભોસારી બેઠક પરથી ચૂંટણી લડવાનો નિર્ણય કરી લીધો છે. અહેવાલમાં સૂત્રોના હવાલો આપી કહેવામાં આવ્યું છે કે ગ્વહાણે ટૂંક સમયમાં એનસીપી છોડી દેશે કારણ કે ચૂંટણીમાં હવે વધુ સમય બાકી નથી રહ્યો. જો કે, એનસીપી ગ્વહાણે અથવા કોઈપણ પૂર્વ કાઉન્સિલર પાર્ટી છોડવાની વાતનો ઈનકાર કરી રહ્યા છે.આ બેઠક પર છેલ્લી બે ચૂંટણીઓથી ભાજપના મહેશ લાંડગે ચૂંટણી જીતી રહ્યા છે. મહત્વની વાત એ છે કે, ગ્વહાણે અને લાંડગે સંબંધી છે પરંતુ ગ્વહાણેએ ૨૦૧૭ની નાગરિક ચૂંટણીમાં લાંડગેના ભાઈને ભોસારીથી જ હરાવ્યા હતા. ભાજપના નેતા અને પૂર્વ કાઉન્સિલર સીમા સાવલેએ કહ્યું કે, મને નથી લાગતું કે ભાજપ એનસીપી માટે ભોસારી બેઠક છોડી દેશે.

## રાહુલ ગાંધી અને કોંગ્રેસ ડિપ્રેશનમાં છે, જે ભાષણ આપ્યું તે હિંદુઓ વિરુદ્ધ, કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડી



નવીદિલ્હી

કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું છે. રેડ્ડીએ કહ્યું, 'રાહુલ ગાંધી અને કોંગ્રેસ ડિપ્રેશનમાં છે. તેણે સંપૂર્ણ જૂઠું બોલ્યું છે. આપણે રાહુલ ગાંધી પ્રત્યે સહાનુભૂતિ રાખવી જોઈએ કારણ કે છેલ્લા ૨૦ વર્ષથી તેઓ વડાપ્રધાન બનવા માંગતા હતા, પરંતુ જનતાએ તેમને વડાપ્રધાન બનવાની તક આપી ન હતી. તેથી તેમણે આજે સંસદમાં જે ભાષણ આપ્યું તે હિંદુઓ વિરુદ્ધ હતું. તેમણે કહ્યું કે હિંદુઓ હિંસક છે. દેશની જનતાએ આ વાત સમજવી જોઈએ. જ્યાં સુધી દેશમાં હિન્દુઓ છે ત્યાં સુધી દેશમાં હિંસા નહીં થાય.

આજે લોકસભામાં ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ હિંદુ ધર્મ વિશે એક મોટી વાત કહી, જેના કારણે હોબાળો થયો. રાહુલ ગાંધીએ કહ્યું કે ભગવાન રામની જન્મભૂમિ અયોધ્યાએ ભાજપને સંદેશો આપ્યો છે. અયોધ્યામાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. રાહુલ ગાંધીએ કહ્યું કે પોતાને હિંદુ કહેનારા આ લોકો હિંદુ નથી, ભાજપે અયોધ્યાના લોકોના મનમાં ડર જગાડ્યો છે, હિંદુઓ ભય ફેલાવી શકતા નથી. આ પછી તેમણે ભગવાન શિવની તસવીર લહેરાવી અને એમ પણ કહ્યું કે ભાજપ ભય ફેલાવી રહી છે.

આ કહ્યા બાદ પીએમ મોદીએ રાહુલ ગાંધીને અટકાવ્યા અને કહ્યું કે તમે સમગ્ર હિન્દુ સમાજને હિંસક કહ્યા છે. જે બાદ અમિત શાહે પણ તીખી ટિપ્પણી કરી અને કહ્યું કે રાહુલ ગાંધીએ આખા દેશની માફી માંગવી જોઈએ.

અવધેશ પાસી (અયોધ્યાથી જીતેલા સાંસદ) તરફ ઈશારો કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે આ સંદેશાઓ તમારી સામે બેઠા છે. અયોધ્યામાં એરપોર્ટ બન્યું, જમીન છીનવાઈ ગઈ અને વળતર આજ સુધી મળ્યું નથી. અહીંના તમામ નાના દુકાનદારો અને નાની ઈમારતો તોડી પાડવામાં આવી હતી અને તે લોકોને રસ્તા પર લાવવામાં આવ્યા હતા. અયોધ્યાના ઉદ્ઘાટન સમયે અયોધ્યાના લોકો ખૂબ જ દુઃખી થયા. અંબાણીજી ત્યાં હતા, અદાણીજી હતા, પણ અયોધ્યામાંથી કોઈ નહોતું.

## બાંસુરી સ્વરાજની માતા સુષ્મા સ્વરાજનું લોકસભામાં સ્ટાઈલ ભાષણ આપ્યું



નવીદિલ્હી

નવીદિલ્હી લોકસભા સીટ જીત્યા બાદ પહેલીવાર સંસદમાં પહોંચેલા બાંસુરી સ્વરાજ ઘણી વખત પોતાની માતા અને ભાજપના દિગ્ગજ નેતા સુષ્મા સ્વરાજની છબી જુએ છે. સૌપ્રથમ તેમણે પોતાની માતાની જેમ સંસ્કૃતમાં સંસદ સભ્યપદ લઈને સૌની જૂની યાદો તાજી કરી. હવે સુષ્મા સ્વરાજની સ્ટાઈલ લોકસભામાં તેમના ભાષણમાં પણ જોવા મળી હતી. તેણે બોલવાનું શરૂ કર્યું કે તરત જ એક ક્ષણ માટે એવું લાગ્યું કે જાણે ગૃહનો ભૂતકાળ પાછો ફર્યો. માતા સુષ્મા સ્વરાજની જેમ જ તે પણ એ જ જોરદાર રીતે ગૃહમાં પોતાના વિચારો રજૂ કરતી હતી. તેના હાવભાવ પણ માતા સુષ્મા જેવા જ હતા.

સાડી પહેરવાની સ્ટાઈલ હોય કે ભાષણ આપવાની સ્ટાઈલ, તે બિલકુલ મા સુષ્મા જેવી જ દેખાય છે. કહેવાય છે 'જેવી મા, જેવી દીકરી'. આ વાંસળી પર સંપૂર્ણપણે લાગુ પડે છે. આજે લોકસભામાં તેમનું વલણ સુષ્મા સ્વરાજ જેવું જ લાગતું હતું. બાંસુરી પોતાની આંગળી ઉંચી કરીને મુદ્દાઓ પર તે જ રીતે બોલી રહ્યા હતા જે રીતે તેમની માતા સુષ્મા સ્વરાજ એ જ ગૃહમાં બોલતા હતા.

આજે લોકસભામાં તેમનું વલણ સુષ્મા સ્વરાજ જેવું જ લાગતું હતું. બાંસુરી પોતાની આંગળી ઉંચી કરીને મુદ્દાઓ પર તે જ રીતે બોલતા હતા જે રીતે તેમની માતા સુષ્મા સ્વરાજ એ જ ગૃહમાં બોલતા હતા. સુષ્મા સ્વરાજની જેમ તેમણે પણ આદરણીય સ્પીકર કહીને ભાષણની શરૂઆત કરી હતી. તેણીએ કહ્યું કે તે અનુરાગ ઠાકુરે રજૂ કરેલા રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવનું સમર્થન કરે છે. તેમણે તેમની પાર્ટી અને પ્રમુખ ઓમ બિરલાને આટલા મહત્વપૂર્ણ મુદ્દા પર તેમના વિચારો વ્યક્ત કરવાની તક આપવા બદલ આભાર માન્યો હતો. બાંસુરી સ્વરાજે કહ્યું કે, એક દાયકામાં પહેલીવાર આવી સરકાર આવી છે, જેની કથની અને ક્રિયાઓ અલગ નથી. તેણે જે કહ્યું તે કર્યું.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ઝાલોદ નગરમાં સાયકલ પર ઉત્તરાખંડના ચાર ધામ જતા યુવાનનું સ્વાગત કરાયું



ઝાલોદ,
ફતેપુરા તાલુકાનાં ભોજેલા ગામના રહેવાસી ચિરાગ વળવાઈ ઉત્તરાખંડના ચારધામ કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી ગંગોત્રી જવા માટે સાયકલથી નીકળેલ છે. જેમનો રૂટ અંદાજીત ૨૩૦૦ સળ જેટલો થાય છે આ યાત્રા તેમણે પોતાના નિવાસસ્થાન ભોજેલા થી ચાલુ કરેલ છે તેઓ કદાચ દાહોદ જીલ્લાના પહેલા એવા યુવાન છે જેઓ આટલું મોટું અંતર કાપી ભગવાનના દર્શન કરવા જઈ રહેલ હોય. આ યાત્રા ઝાલોદ નગરમાં આવતા નગરના યુવાનો તેમના આવા સાહસિક નિર્ણયને વધાવવા તેમજ તેમના સ્વાગત કરવા શબરી આશ્રમ ખાતે પહોંચ્યા હતા. ઉપસ્થિત સૌ લોકોએ તેમને ફૂલમાળા પહેરાવી તેમજ નાળિયેર આપી તેમની આ ધર્મ યાત્રા સફળ થાય તે માટે શુભેચ્છા આપી હતી. તેમજ તેમનુ સ્વાગત કરી ભારત માતા કી જય અને જય રામના નારા સાથે તેમની યાત્રાને વિદાય કરી હતી અને ભાગવાન ભોળાનાથ પાસે તેમની યાત્રા મંગલમય રહે તેવી યાચના ઉપસ્થિત સૌ લોકોએ કરી હતી. આ યુવાનને કોલેજ અભ્યાસ પૂરો થતા પોતાની ધર્મ પ્રત્યેની લાગણી અને માતા પિતાના આશીર્વાદ થકી આ ચારધામ યાત્રા કરવાનો વિચાર આવ્યો હતો. તેમજ મનમાં આ ચારધામ કરવાનો વિચાર આવતાં હાલ પોતાના સ્વ ખર્ચે સાયકલ નવી લાવી આ યાત્રા કરવા નીકળેલ છે.

# બીએપી, બજરંગ દળ દાહોદ સેવા સપ્તાહ નિમિત્તે નિઃશુલ્ક મેડીકલ કેમ્પ યોજાયો



દાહોદ,
વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ દાહોદ જીલ્લા દ્વારા સેવા સપ્તાહની ઉજવણી નિમિત્તે દાહોદ ગારખાયા વિસ્તારમાં નિશુલ્ક મેડિકલ કેમ્પ ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર ની ઉપસ્થિતિમાં ઉજવાયો.

વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ દાહોદ દ્વારા સેવા સપ્તાહ દિનાંક ૨૪ જૂનથી ૩૦ જૂન સુધી ઉજવણી કરવાની હોય તેના ભાગરૂપે દાહોદ ગારખાયા વિસ્તારમાં સેવા વસ્તી પર નિઃશુલ્ક મેડિકલ કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું જેમાં ગરબાડા મત વિસ્તારના ધારાસભ્ય મહેન્દ્રભાઈ ભાભોરની પ્રેરક ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. કેમ્પનું આયોજન વિશ્વ હિન્દુ પરિષદ દાહોદ જીલ્લાના સહમંત્રી કમલેશભાઈ ગુર્જર અને રાજકુમાર ગોમદાન દ્વારા કરવામાં આવ્યું. આ કેમ્પમાં ડો. મહેશભાઈ પંડ્યા ગરબાડા તથા મેડિકલ કોલેજ ઝાયડસના ડો. શિવમ શર્મા, ડો. વેદ રાના, ડો.દિનેશ મેવાડા, ડો.મીત ભટ્ટ, ડો.દર્શિલ સિયોલા, ડો.દિવ્યાંગ માળી, ડો.વશિષ્ઠ પંડ્યા, ડો.તન્મય ચાંદડિયારાએ સેવા આપી હતી.

આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદ દાહોદના જીલ્લા સહમંત્રી કિરણસિંહ ચાવડા, બજરંગ દળ સંયોજક દીપેશભાઈ ભુરીયા તેમજ નીરજ દરજી, વેદ પ્રકાશ મહાવર, ગોપાલભાઈ સોની, કિશોરભાઈ ડામોર, જય કિશન ગેહલોત સહિત અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહી કેમ્પને સફળ બનાવ્યો હતો. આ કેમ્પમાં ૬૦ જેટલા દર્દીઓ લાભ લીધો હતો.

# સંજેલીના માંડલી ગામના પરણિતાને પતિ અને સાસરીયાએ ત્રાસ આપતાં મહિલા પોલીસ મથકે ફરિયાદ

દાહોદ,
દાહોદ જીલ્લાના સંજેલી તાલુકાના માંડલી ગામે રહેતાં એક ૨૭ વર્ષિય પરણિતાને તેના પતિ તથા સાસરીપક્ષના લોકો દ્વારા દહેજની માંગણી કરી અવાર નવાર શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતાએ ન્યાયની ગુહાર સાથે મહિલા પોલીસ મથકના દરવાજા ખટખટાવ્યાંનું જાણવા મળે છે.

હાલ પોતાના પિયરમાં સીંગવડના લીંબોદર ગામે ડેમ ફળિયામાં રહેતાં અને સંજેલીના માંડલી ગામે ટાંડી ફળિયામાં પરણાવેલ ૨૭ વર્ષિય રીટાબેન રમેશભાઈ બારીઆના લગ્ન તારીખ ૨૫.૦૫.૨૦૨૩ના રોજ તેમના સમાજના રીત રીવાજ મુજબ માંડલી ગામે ટાંડી ફળિયામાં રહેતાં વિકાસભાઈ ઉદેસિંહ બારીયા સાથે થયાં હતાં. લગ્નના થોડા સમય સુધી પરણિતા રીટાબેનને તેના પતિ વિકાસભાઈ તથા સાસરી પક્ષના બાલુબેન ઉદેસિંહ બારીઆ, હંસાબેન અતુલભાઈ બારીઆ અને અતુલભાઈ રામસીંગભાઈ બારીઆ (બંન્ને રહે. મોજરી, તા. મોરવા હડપ, જી. પંચમહાલ) નાઓએ સારૂ રાખ્યા બાદ તેઓનું પોત પ્રકાશ્યું હતું અને અવાર નવાર મેણા ટોણા મારી રીટાબેનના પતિ વિકાસભાઈએ કહેલ કે, તું મારાથી ઉંમરમાં મોટી છે અને મારાથી નીચી છે, તું મને ગમતી નથી, તુ મને છુટાછેડા આપી દે નહિ તો તને જાનથી મારી નાંખીશ તથા પરણિતા રીટાબેન પાસે દહેજની માંગણી કરી અવાર નવાર હેરાન પરેશાન કરી, મારઝુડ કરી, બેફામ ગાળો બોલતો હતો ત્યારે રીટાબેનના ઉપરોક્ત સાસરીપક્ષના લોકો રીટાબેનના પતિને છુટાછેડા આપી દેવામાં માટે ખોટી ચઢામણીઓ કરી રીટાબેન સાથે ઝઘડો તકરાર કરાવી શારિરીક તેમજ માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેર પરણિતા રીટાબેન રમેશભાઈ બારીઆએ સીંગવડના લીંબોદર ગામે ડેમ ફળિયામાં રહેતાં પોતાના પિયરની વાટ પકડી હતી અને આ સંબંધે મહિલા પોલીસ મથકે પોતાના પતિ તથા સાસરીપક્ષના લોકો વિરૂધ્ધ ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ રોટરી વર્ષના પ્રારંભે રોટરી ડાયમંડ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજયો




દાહોદ,
રોટરીનું સેવા વર્ષ દર વર્ષે ૧ જુલાઈ થી શરૂ થઇ ૩૦ મી જૂને પૂર્ણ થાય છે. નવા વર્ષના પ્રારંભે રોટરી ડીસ્ટ્રિક-૩૦૪૦ના ડીસ્ટ્રિક ગવર્નર રોટે.અનીશ મલિકની સૂચના થી ડીસ્ટ્રિકની ૧૧૮ ક્લબ એક સાથે ડોકટર ડે પર બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું છે. દાહોદ સ્થિત રોટરી ક્લબ ડાયમંડ, રોટરી કલબ દાહોદ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો હતો.

કલબના પ્રમુખ હીરાલાલ સોલંકીએ પ્રથમવાર બ્લડ આપનાર ડોનરને પ્રોત્સાહિત કર્યા હતા. કેમ્પને સફળ બનાવવા રોટરી કલબ, દાહોદના પ્રમુખ સંજય બારીયા, મંત્રી અમરસિંહ ડાંગી, કલબના સદસ્યો, વાસુ દેવ મંગલાની, પ્રદીપ રાઠોડ, અમૃત પ્રજાપતિ, મયંક ભુરીયા, હિરેન સલાટ, રામસિંહભાઈ પરમાર, જયદીપ ગેલોત અને કલબના પૂર્વ મંત્રી જીગ્નેશ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદના મંત્રી રતનસિંગ બામણિયા દ્વારા સમગ્ર કેમ્પની વ્યવસ્થા સંભાળી હતી. ઝાયડસ હોસ્પિટલના કર્મચારી કિરણબેન ગોસ્વામીએ આયોજનમાં સહકાર આપ્યો હતો. બ્લડ ડોનેશન કેમ્પમાં ૧૬ જેટલી બોટલ પ્રાપ્ત થઈ હતી. ડોકટર ડે, હોઈ ઝાયડસના ડોકટર શૈલેજ માનેને રોટરી કલબ ઓફ ડાયમંડ દાહોદનાં પ્રમુખ, મંત્રી દ્વારા શાલ, પુષ્પગુચ્છ અને માળા અર્પણ કરી સન્માનિત કરાયા હતા.

# ઝાલોદ તાલુકાના ધાવડીયા તરફથી દારૂના જથ્થા સાથે અલ્ટો કાર પકડાઈ : ચાલક ફરાર




ઝાલોદ,
ઝાલોદ નગરના ડી.વાય.એસ.પી. પટેલ દ્વારા આપવામાં આવેલ સૂચના મુજબ પ્રોહી. ગુન્હા અંતર્ગત ગેરકાયદેસર વહન કરતાં લોકો પર વોચ રાખવામાં આવી રહેલ હતી તે અંતર્ગત પી.એસ.આઈ એમ.એમ.માળી પેટ્રોલિંગમા હતા ત્યારે તેમણે બાતમી મળેલ હતી કે ડુંગરા ( રાજસ્થાન ) તરફથી સફેદ કલરની અલ્ટો કાર GJ-27-K-0262 ગેરકાયદેસર રીતે દારૂનો જથ્થો લઈને આવી રહેલ છે. બાતમીને આધારે પી.એસ.આઈ એમ.એમ.માળી દ્વારા ધાવડીયા મુકામે પાવટી ફળીયામા જરૂરી આડાસ ગોઠવી બાતમીવાળું વાહન આવે તેની રાહ જોઈ રહેલ હતા. તેવામાં બાતમી વાળું વાહન આવતા પોલીસ દ્વારા દૂરથી વાહન રોકવાનો ઈસારો કરાતા વાહન ચાલક યુ ટર્ન કરી નાસી જવાની કોશિશ કરાતા પોલીસ દ્વારા પીછો કરાતા વાહન ચાલક અંધારાનો લાભ લઈ ગાડી મૂકી નાસી છુટેલ હતો.

પોલીસ દ્વારા વાહન ચેક કરવામાં આવતા વિદેશી દારૂની સાત પેટી જેમાં ઈંગ્લિશ દારૂની કુલ ૨૮૮ બોટલ જેની અંદાજીત કિંમત ૪૭,૦૪૦ તેમજ અલ્ટો કારની કિંમત ૨૦,૦૦૦૦ થઈ કુલ ૨૪,૭૦,૪૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી પાડેલ હતો. તેમજ પોલીસ દ્વારા ગાડી મૂકીને નાસી છુટેલ અજાણ્યા ચાલક વિરૃધ્ધ પ્રોહી. ના ગુન્હામા કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# લીમડી ગામે દાહોદ રોડ ઉપર પશુ ચરાવવા ગયેલ ૭૨ વર્ષીય વ્યકિતને બાઈક પર આવેલ બે ઈસમોએ ધમકી આપી શરીરે પહેરેલ દાગીના ૬૨ હજારની લુંટ કરી ફરાર






દાહોદ,
દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી ગામે દાહોદ રોડ પર પશુ ચરાવવા ગયેલ એક ૭૨ વર્ષિય આધેડ વ્યક્તિને મોટર સાઈકલ પર આવેલ બે અજાણ્યા ઈસમોએ ધાકધમકીઓ આપી બાનમાં લઈ વ્યક્તિએ શરીરે પહેરી રાખેલ સોના-ચાંદીના દાગીના તેમજ એક મોબાઈલ ફોન મળી કુલ કિંમત રૂા.૬૨,૫૦૦ની મત્તાની ધોળે દિવસે સવારના ૧૦ વાગ્યાની આસપાસ સનસનાટી ભરી લુંટ ચલાવી લુંટારૂઓ નાસી જતાં પંથકમાં ચકચાર સાથે ખળભળાટ મચી જવા પામ્યો હતો.

ગત તા.૨૯મી જુનના રોજ ઝાલોદના લીમડી કારઠ રોડ પર રહેતાં ૭૨ વર્ષિય પ્રેમચંદભાઈ મોતીભાઈ મોરી સવારના દશેક વાગ્યાના આસપાસ લીમડી ગામે દાહોદ રોડ પર પશુઓ ચરાવવા ગયાં હતાં ત્યારે આશરે ૩૦થી ૩૫ વર્ષની ઉંમરના બે ઈસમો એક મોટરસાઈકલ પર આવી પ્રેચંદભાઈને પકડી પાડ્યાં હતાં અને પ્રેમચંદભાઈનો શર્ટનો કોલર પકડી પાડી મારી નાંખવાની ધમકીઓ આપી પ્રેમચંદભાઈએ શરીરે પહેરી રાખેલ ચાંદીનો કંદોરો, સોનાની મરકી, ચાંદીનું ભોરીયું તથા એક મોબાઈલ ફોન મળી કુલ રૂા.૬૨,૫૦૦ની મત્તાની લુંટ ચલાવી અજાણ્યા બે ઈસમો નાસી જતાં પ્રેમચંદભાઈએ બુમાબુમ કરી મુકતા આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. પરંતુ લોકો બંન્ને લુંટારૂઓને પકડે તે પહેલા તેઓ નાસી જવામાં સફળ રહ્યાં હતાં.

આ સંબંધે પ્રેમચંદભાઈ મોતીભાઈ મોરીએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી લુંટારૂઓને પકડી પાડવા ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# ધાનપુર તાલુકા વિકાસ અધિકારીની ઓફિસમાં તાલુકા પંચાયત પ્રમુખને ઝાપટો મરાઈ

ધાનપુર,
ધાનપુર તાલુકા પંચાયતમાં ટીડીઓની ઓફિસમાં એક વ્યકિતએ મને પંચાયતના કામો કેમ આપતા નથી કહી તાલુકા પંચાયત પ્રમુખનો કોલર પકડી ઝાપટો ઝીંકી દીધો હતો. તેમજ કોલર પકડી ઓફિસની બહાર ઘસેડી લઈ જઈ માર મારી તેને છોડવાનો નથી તેમ કહી ગાળો આપી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સંદર્ભે તાલુકા પંચાયત પ્રમુખે ખજુરી ગામના હુમલાખોર સામે ધાનપુર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

ધાનપુર તાલુકાના સજોઈ ગામના અને ધાનપુર તાલુકા પંચાયત પ્રમુખ અભેસિંગ છગનભાઈ મોહનીયા ધાનપુરની ઓફિસમાં ટીટીઓ રોશન રાઠોડ, એપીઓ ભાવેશ બળવંતભાઈ રાઠોડ સાથે કામ કરતા હતા તે દરમિયાન ખજુરી ગામના સરપંચ ફળિયામાં રહેતો સંદેશ રૂપા મોહનીયા આવ્યો હતો અને કહેવા લાગેલ કે,તુ ધાનપુર તાલુકા પંચાયતનો પ્રમુખ છે તો મને પંચાયતના કામો કેમ આપતા નથી તેમ કહી ગાળો બોલવા લાગ્યો હતો. જેથી અભેસિંગભાઈ લોકોએ તેને ગાળો બોલવાની ના પાડતા એકદમ ઉશ્કેરાઈ જઈ તાલુકા પંચાયત પ્રમુખ અભેસિંગભાઈના શર્ટનુ કોલર પકડી મોઢા ઉપર લાફા ઝીંકી દીધા હતા. તેમજ કોલર પકડી ઓફિસની બહાર ઘસેડી જઈ માર માર્યો હતો. ત્યારે ટીડીઓ રોશન રાઠોડ, એપીઓ ભાવેશભાઈ બળવંભાઈ રાઠોડ તથા પટાવાળા દલપતભાઈ વચ્ચે પડી વધુ મારથી છોડાવ્યા હતા. ત્યારે સંદેશ રૂપા મોહનીયા આજે તુ બચી ગયો છે મને કામો નહિ મળે તો તને છોડવાના નથી. તેમ કહી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સંદર્ભે તાલુકા પંચાયત પ્રમુખે સંદેશ રૂપા મોહનીયા સામે ધાનપુર પોલીસમાં ફરિયાદ નોંધાવત પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.આમ ઓફિસમાં આવી તાલુકા પંચાયત પ્રમુખનો કોલર પકડી લાફો ઝીંકી દેતા ચકચાર મચી જવા પામી છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાઠોડ સરદારસિંહ તેરસિંહ
તરફથી અભીનંદન....
મુ.સીમામોઈ
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીઆ અરવિંદભાઈ મગનભાઈ
તરફથી અભીનંદન....
મુ.નાકટી
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાઠોડ નટવરસિંહ પ્રવિણસિંહ
તરફથી અભીનંદન....
મુ.અન્દરપુરા
તા.ધાનપુર

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બારીઆ સુમિત્રાબેન છગનભાઈ
તરફથી અભીનંદન....
મુ.નાકટી
તા.ધાનપુર

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.264

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા મામલતદાર કચેરીના પુરવઠા શાખામાં આગામી ૭ દિવસ સુધી રેશનકાર્ડની કામગીરી બંધ રહેશે : લાભાર્થીઓની કફોડી હાલાત

- વહેલી સવારથી જ કતારમાં ઉભેલા અરજદારો અટવાયા.
- જાહેરાતથી અજાણ રેશનકાર્ડધારકોને ધરમધક્કો પડ્યો.
- અગાઉ આચારસંહિતાના કારણે ૩-૩ માસ સુધી કામગીરી ઠપ્પ બની હતી.
- હાલમાં પ્રવેશ પ્રક્રિયાની મોસમ વચ્ચે વિદ્યાર્થીઓને વધુ એક સપ્તાહ સુધી વિલંબ.
- વારંવાર સર્વરમાં ક્ષતિ સર્જાવાના કારણે ગ્રામ્યજનોમાં ભારે નારાજગી.
- આગામી દિવસમાંઅરજીઓના ઠપ્પા જામવાની શક્યતા.






ગોધરા,

ગોધરા મામલતદાર કચેરીના પુરવઠા શાખા (ગ્રામ્ય)માં બપોરે એકાએક સોફટવેર માઈગ્રેટ થવાનું હોવાથી આગામી સાત દિવસ સુધી રેશનકાર્ડની કામગીરી બંધ રહેશે તેવું ફરમાન કરવામાં આવતાં વહેલી સવારથી કામ અર્થે આવીને કતારમાં ઉભેલ અનેક લાભાર્થીઓ રખળી પડયા હતા. જ્યારે પછીથી આવનારને ધકકો પડતા તંત્રની આવી લાંબી વિલંબીત પ્રક્રિયા સામે રોષ વ્યાપ્યો છે.

ગોધરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આશરે ૧૧૦ થી વધુ આવેલા ગામડાઓમાંથી રોજીંદા મોટી સંખ્યામાં મામલતદાર કચેરીના પુરવઠા શાખા (ગ્રામ્ય)માં રેશનકાર્ડને લગતી નામ સુધારણા, નામ ઉમેરો, અપડેટ, નવું રેશનકાર્ડ જેવી કામગીરી અર્થે લાભાર્થીઓની આવનજાવન રહે છે. જેમાં અઠવાડિયે સોમવાર અને ગુરૂવારે જ પુરવઠા અરજીઓ સ્વીકારવી તથા જવાબી કાર્યવાહી હાથ ધરવામાં આવે છે તે મુજબ આજે સોમવાર હોવાથી સુવિધા માટે તથા એક તરફ પ્રાથમિકતથી લઈ કોલેજ કક્ષાએ પ્રવેશ પ્રક્રિયાની મોસમ ચાલી રહી છે. સાથે સાથે સરકારની છોકરીઓ માટે શિષ્યવૃતિ જાહેર કરવાના કારણે કોઈ કારણોસર કાર્ડ સંબંકિત અને આવક સંબંધિત પ્રમાણપત્ર પુરાવા તરીકે રેશનકાર્ડ અગત્યનું દસ્તાવેજ ગણાય છે. જેથી પુરવઠા શાખાની અન્ય દિવસો કરતાં આ દિવસોમાં ભારે ભરમાર જામી રહી છે. ત્યારે સવારથી જુદા જુદા ગ્રામ્ય વિસ્તારો માંથી ભૂખ્યા તરસ્યા આવીને પોતાના કામ પૂર્ણ કરવાના આશયે ઉભેલા લાભાર્થીઓને બપોર ૧૨ કલાકે અચાનક સર્વર ડાઉન હોવાની ક્ષતિઓ ઉભી થતાં લાભાર્થીઓ ભારે પરેશાન થયા હતા અને લાઈન આગળ ધપતી ન હતી. પછી રેશનકાર્ડ ડેટા ખોરવાય સર્વર માઈગ્રેટ થવાનું હોવાથી રેશનકાર્ડનું સોફ્ટવેર તા.૭/૪/૨૦૨૪ સુધી બંધ રહેનાર છે. જેથી રેશનકાર્ડની તમામ કામગીરી હાલ બંધ છે. તેવી જાહેરાતને લઈને નારાજગીના દ્દશ્યો જોવા મળ્યા હતા. એક તો ભાડા ખર્ચીને આવેલાઓનું કામ ન થતાં તેઓને ધરમધકકો પડયો હતો. જ્યારે આ સૂચનાથી અભણ લાભાર્થીઓ પુરવઠા શાખામાં પહોંચતા અને આ પ્રકારની જાહેરાત સાંભળવા મળતા તેઓને ખાલી હાથે પરત ફરવાનો વારો આવ્યો હતો. જોકે, ચુંટણીની આચાર સંહિતાના કારણે છેક એપ્રિલ–મે–જુન સુધી રેશનકાર્ડની તમામ કામગીરી સ્થગિત થઈ ગઈ હતી. જ્યારે માંડ ૨૦ દિવસ ચાલેલી કામગીરી ભારે અરજીઓના થપ્પા વચ્ચે સ્થિતી હળવી બનતા હાશકારો વ્યાપ્યો હતો. ત્યારે ફરી ટુંકાગાળામાં સાત દિવસ માટે સોફ્ટવેર સર્વર બંધ રહેવાથી આગામી દિવસોમાં અરજીઓના થપ્પા જામશે અને દિવસો સુધી સમય મર્યાદામાં રેશનકાડ્રની કામગીરી નહી થવાની લાભાર્થીઓના કામ સ્થગતિ બનશે. જેનાથી હાલકીમાં મુકવાનો વારો આવનારને લઈને ચિંતા વ્યાપી છે. કારણે કે, હાલમાં પ્રવેશ માટે, શિષ્યવૃતિ માટે, આવકના દાખલામાં અગત્યના ગણાતા રેશનકાર્ડની કામગીરી બંધ રહેવાથી વિદ્યાર્થીઓને ભારે મુશ્કેલીમાં મુકાવાનો વારો આવ્યો છે.

## ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડને ખોટી માહિતી આપી નંદેસરીની સ્વાતી કલોરાઈડ કંપનીની વેસ્ટ વેજલપુર તુલસી એન્ટરપ્રાઈઝની જમીનમાં ઠલવાતું હોવાનું કૌભાંડ સામે આવ્યું

### જોખમી કેમીકલ જમીનમાં ઠાલવવાનો કિસ્સો ૬ મહિનાથી ચાલતો હતો.

કાલોલ,

કાલોલના વેજલપુર તુલસી એન્ટરપ્રાઈઝના સંચાલક અને માલિક સાથે મળી કંપનીના કંપાઉન્ડમાં પાછળના ભાગે જમીનમાં ખાડાઓ કરીને છેલ્લા ૬ માસથી અલગ–અલગ કંપનીના જોખમી કેમીકલ વેસ્ટ જમીનમાં ખાલી કરાવી પર્યાવરણના નિયમોનો ભંગ કરેલ હોય અને વેજલપુર તુલસી એન્ટરપ્રાઈઝ પાસે ટેન્કર ખાલી કરતાં પકડાઈ જઈ ગુનો કર્યાની ફરિયાદ કાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મધ્યપ્રદેશ નાગદા ગોલ્ડન કેમીકલ એજન્સીના માલિક સંચાલક અને વહીવટકર્તાએ વડોદરા નંદેસરી જીઆઈડીસીમાં આવેલ સ્વાતી કલોરાઈડ પ્રા.લી.કંપની માંથી હાઈડ્રોકલોરાઈક એસીડ ૩૦ ટકા થી ૩૩ ટકાનો ટેન્કરમાં ભરી સ્વાતી કલોરાઈડ કંપની માંથી હિંમતનગર ખાતે આવેલ ઉર્વી ફાર્મા કંપનીમાં ખાલી કરવા અંગેનું બીલ તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ઓનલાઈન સાઈડ ઉપર મેનીફેસ્ટ જનરેટ કરી ઉર્વી ફાર્મા કંપની આકોદરા–હિંમતનગરના માલિકો તથા વહીવટકર્તાઓ પોતાની કંપની બંધ હોવા છતાં ઓનલાઈન મેનીફેસ્ટ સ્વીકારી તેમજ ગોલ્ડન કેમીકલ કંપનીના વહીવટદારો દ્વાર ટેન્કરનું જીપીએસ કાઢી અન્ય પ્રાઈવેટ કીટ દ્વારા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની ગેરમાર્ગે દોરવા હિંમતનગર ઉર્વી ફાર્મા કંપની સુધી ગયા હતા અને બીજી તરફ ટેન્કર નંદેસરીથી વેજલપુર સુધી તુલસી એન્ટરપ્રાઈઝ કંપનીનું ખોટું બીલ બનાવ્યું હતું તથા ગુજરાત ફલોરો કેમીકલ કંપની દહેજનું ખોટું એનાલીસીસ સર્ટી બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી તુલસી એન્ટરપ્રાઈઝ વેજલપુરના સંચાલક ખાલીદ કાચબા તથા માલિક સાથે મળીને કંપનીના કંપાઉન્ડમાં પાછળના ભાગે જમનીમાં ખાડા કરી છેલ્લા ૬ મહિનાથી અલગ–અલગ કંપની માંથી જોખમી કેમીકલ વેસ્ટ ભરી લાવી કેમીકલ જોખમી હોવાનું જાણતા હોવાનું જાણતા હોય તેમ છતાં જમીનમાં ખાલી કરી પર્યાવરણને નુકશાન કરી કેમીકલ જેવા જોખમી પ્રવાહીઓ અંગે નિષ્કાળજી દાખવી મનુષ્ય તથા પશુ–પંખીઓની જીંદગી જોખમાય તેવું કૃત્ય કરી પર્યાવરણના નિયમોનો ભંગ કરી પોતાનો આર્થિક લાભ મેળવવા સારું તમામ આરોપીઓ સાહીર હુસેન મોહમદ સલીમ પીંજારા (રહે. નાગદા, જંકશન ચંબલ સાગર કોલોની), વિજય હડતાલી, ગોલ્ડન કેમીકલ એજન્સી નાગદા ઉજ્જૈન, ઉર્વી ફાર્મા કંપની આકોદરા, હિંમતનગરના માલિકો, તુલસી એન્ટર પ્રાઈઝ વેજલપુરના સંચાલક ખાલીદ કાચબા તથા માલિકે આર્થિક લાભ મેળવવા તમામ આરોપીઓ ભેગા મળી તુલસી એન્ટર પ્રાઈઝ વેજલપુર ખાતે ટેન્કર નંબર એમ.પી.૦૯.એચજી.૩૫૯૫નું કેમીકલ જમીનમાં ખાલી કરતાં ઝડપાઈ જઈ ગુનો કર્યાની ફરિયાદ કાલોલ પોલીસ મથકે નોંધાવા પામી છે.

## ગોધરા નીટ પરીક્ષા માં ચોરી કૌભાંડમાં જય જલારામ સ્કુલના ચેરમેનની અટકાયત બાદ ૪ દિવસના રિમાન્ડ મેળવ્યા



ગોધરા,

ગોધરા નીટ પરીક્ષા ચોરીના ષડયંત્રની તપાસ કરતી સીબીઆઈ દ્વારા શનિવારના રોજ જય જલારામ સ્કુલના ચેરમેન દિક્ષિત પટેલની અટકાયત કરાઈ હતી અને પંચમહાલ જીલ્લા મુખ્ય સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. જ્યાં જીલ્લા મુખ્ય સેશન્સ જજ દ્વારા સીબીઆઈ દ્વારા અમદાવાદ સીબીઆઈ સ્પેશયલ કોર્ટના જજ સમક્ષ રજુ કરતાં દિક્ષિત પટેલના ૪ દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા.

ગોધરામાં નીટ પરીક્ષામાં ચોરીના ષડયંત્રની તપાસ સીબીઆઈને સોંપવામાં આવતાં સીબીઆઈ દ્વારા પંચમહાલ પોલીસની તપાસના ડોકયુમેન્ટ મેળવીને તપાસનો દોર શરૂ કર્યો હતો. સીબીઆઈ દ્વારા નીટ ચોરી કૌભાંડમાં પકડાયેલ આરોપીઓ પૈકી ચાર આરોપીઓને કોર્ટમાં રજુ કરી શનિવારના રોજ ૪ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા અને આરોપીઓની પુછપરછ હાથ ધરાઈ છે. ત્યારે શનિવાર મોડી સાંજના સમયે જય જલારામ સ્કુલના ચેરમેન દિક્ષિત પટેલની અટકાયત કરવામાં આવી હતી અને રવિવારના રોજ પંચમહાલ મુખ્ય સેશન્સ કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. જીલ્લા સેશન્સ કોર્ટના જજ સી.કે.ચૌહાણ દ્વારા દિક્ષિત પટેલને સીબીઆઈની સ્પેશ્યલ કોર્ટમાં રજુ કરવા જણાવ્યું હતું. જેથી સીબીઆઈ દ્વારા અમદાવાદ સીબીઆઈ સ્પેશ્યલ કોર્ટમાં લઈ જવા માટે રવાના થયા હતા. રાત્રીના સમયે અમદાવાદના શાહીબાગ સર્કિટ હાઉસ ખાતે જજ સમક્ષ રજુ કરવામાં આવ્યા હતા અને સીબીઆઈ દ્વારા ચાર દિવસના રિમાન્ડની માંગ કરતાં સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટ દ્વારા દિક્ષિત પટેલના ચાર દિવસના રિમાન્ડ મંજુર કરવામાં આવ્યા છે. સીબીઆઈ દ્વારા જય જલારામ સ્કુલના ચેરમના રિમાન્ડ મેળવીને પુછપરછ શરૂ કરતાં નીટ પરીક્ષા કૌભાંડમાં વધુ ખુલાસા થવાની શકયતાઓ રહેલ છે.

## ઘોઘંબાના માડમહુડી ગામેથી સ્ટેટ વિજીલન્સ ટીમે બે બાઈક ઉપર લઈ જવાતા ૨૮ હજારના ઈંગ્લીશ દારૂ સાથે બે ઈસમોને ઝડપ્યા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના માડ મહુડી ગામ તરફ સ્ટેટ વિજીલન્સ ટીમ પેટ્રોલીંગમાં હતી. દરમિયાન બાઈક ઉપર ઈંગ્લીશ દારૂ લઈ પસાર થતાઃ બે ઈસમનો ૨૮,૮૦૦/–રૂપીયાનો ઈંગ્લીશ દારૂ લઈ પસાર થતાં બે ઈસમોને ૨૮,૮૦૦/–રૂપીયાનો ઈંગ્લીશ દારૂ તેમજ બે બાઈક, રોકડ મળી બે ખેપિયાને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકા માંથી મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી થતી હોય ત્યારે સ્ટેટ વિજીલન્સ ઘોઘંબાના માડ મહુડી ગામ તરફ પેટ્રોલીંગમાં હતા. દરમિયાન બે બાઈકો ઉપર ઈંગ્લીશ દારૂ લઈને પસાર થતાં ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલ પીન્ટુ રામસિંહભાઈ રાઠવા (રહે. ગોદલી નવા ફળીયા), દિલીપ મનુભાઈ રાઠવા (રહે. માલ મહુડી, ઘોઘંબા) પાસેથી ઈંગ્લીશ દારૂના હોલ નંગ–૬૦, બીયર ટીન–૪૮ મળી કુલ ૨૮,૮૦૦/–રૂપીયા તેમજ મોટર સાયકલ, બે મોબાઈલ ફોન અને રોકડ મળી કુલ ૫૯,૩૭૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લેવામાં આવ્યા. ઝડપાયેલ ઈસમો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઘોઘંબાના બુટલેગર સંજય ઉર્ફે ભેદી વિક્રમસિંહ ચૌહાણને ત્યાંથી લઈને ગોંદલી ગામે ભોદુભાઈ રાઠવાને ત્યાં પહોંચાડવાનો હોવાની કબુલાત કરતાં આ બાબતે રાજગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## રહેમત નગર કન્યા અને કુમાર પ્રાથમિક શાળા અને આંગણવાડી કેન્દ્ર ચિખોદ્રા-૩ ચિખોદ્રા-૨ નો પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી



ગોધરા,

રહેમત નગર પ્રાથમિક શાળા પ્રવેશોત્સવની ચિખોદ્રા–૩ અને ચિખોદ્રા–૨ પ્રવેશોત્સવની ઉજવણી સમયે જીલ્લા માંથી પ્રતિનિધિ તરીકે ઉમેશ, ગોધરા શહેર ઉદ્યોગપતિ ફિરદોશ કોઠી તેમજ સી.આર.સી.કો. વિજયકુમાર તેમજ રહેમત નગર પ્રાથમિક શાળા કન્યાઅને કુમારી આચાર્ય શિક્ષકગણ એસ.એમ.સી. સભ્યો ઈમરાન કલંદર તેમજ મહેબુબ દેડકી એ આંગણવાડી ચિખોદ્રા–૩ ના કાર્યકર સમીરાબેન જરદાઅને ગામના આગેવાનો હાજર રહ્યા હતા. રહેમતનગર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવની ઉજવણી કરવામાં આવી. જેમાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા અને ત્યારબાદ બાલવાડી, બાલવાટિકાના પ્રવેશ લેનાર બાળકોને દફતર તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ ભાગ લેનાર બાળકોને ઈનામ ગોધરાના ઉદ્યોગપતી ફિરદોશ હાજી કોઠી દ્વારા આપવામાં આવ્યા. અંતે કાર્યક્રમ પૂર્ણ આભાર વિધિ કરવામાં આવી.

## ગોધરા ચિખોદ્રા પાસે એકસયુવી કારમાં લઈ જવાતા ૩.૫૦ લાખના ઈંગ્લીશ દારૂના જથ્થા સાથે બે ઈસમોને એલ.સી.બી.એ ઝડપ્યા

ગોધરા,

ગોધરા એલસીબી પોલીસને બાતમી મળી હતી કે, ગોધરા થી નંબર વગરની એકસયુવી કારમાં ઈંગ્લીશ દારૂ હાલોલ તરફ લાવવામાં આવી રહ્યો છે. તેવી બાતમીના આધારે એલસીબી પોલીસે ચિખોદ્રા પાસે નાકાબંધી કરી કાર માંથી ૩.૫૦ લાખનો ઈંગ્લીશ દારૂ અને કાર મળી ૮,૬૦,૧૬૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

ગોધરા લોકલ ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, નંબર વગરની એકસયુવી કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરીને ગોધરા થી હાલોલ તરફ લઈ જવામાં આવનાર છે. તેવી બાતમીના આધારે એલસીપી પોલીસે ચિખોદ્રા પાસે નાકાબંધી કરી હતી. બાતમીવાળી કારને ઝડપી પાડવામાં આવી હતી. કારની તપાસ કરતાં ઈંગ્લીશ દારૂ વ્હીસ્કીના કવાટરીયા નંગ–૧૯૩૦ કિંમત ૨,૨૦,૮૦૦/–રૂપીયા, બીયર ટીન નંગ–૧૧૭૬ કિંમત ૧,૨૯,૩૬૦/–રૂપીયા મળી કુલ ૩,૫૦,૧૬૦/–રૂપીયાનો ઈંગ્લીશ દારૂ તેમજ કાર સહિ ૮,૬૦,૧૬૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે પ્રવિણ લક્ષ્મણસિંહ રાઠોડ (રહે. કુંડા, સતુમ્બર, રાજસ્થાન), હરપાલ પ્રવિણસિંહ પરમારને ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે ગોધરા બી ડવીઝન પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## કાલોલ તળાવ બ્યુટીફિકેશનના અને નગરમાં ચાલતા રોડના કામ બાબતે ધારાસભ્યે મુલાકાત કરી જરૂરી સુચનાઓ આપી

કાલોલ,

કરોડો રૂપિયાના ખર્ચે કાલોલના તળાવ બ્યુટીફિકેશનની કામની ગુણવત્તાની પોલ પહેલા જ વરસાદ ધોઈ નાખતા ઈજારેદારના કામ અને મટીરીયલની ગુણવત્તા પર સવાલે નિશાન ઉભા થયા હતા. ત્યારે સોમવારના રોજ કાલોલના ધારાસભ્ય અને તાલુકા પંચાયત ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચૌહાણ, કારોબારી અદયક્ષ ઉપેન્દ્રસિંહ ચાવડા, મહામંત્રી સંજય રાઠોડ, કિરણસિંહ સોલંકી સાથે સ્થળ ઉપર દોડી ગયા હતા. ધારાસભ્ય દ્વારા તળાવના બ્યુટીટીફિકેશનના સ્થળની રૂબરૂ મુલાકાત કરી હતી અને ધોવાઈ ગયેલા રસ્તા અને હલકી ગુણવત્તાના સામાન પરત્વે કાલોલના ચીફ ઓફિસર તેમજ બાંધકામ એન્જિનિયરને સ્થળ ઉપર બોલાવી જરૂરી સુચનાઓ આપી હતી. આ ઉપરાંત પરંબા સોસાયટી પાસે બની રહેલા સી.સી. રોડની પણ રૂબરૂ મુલાકાત લઈ રોડ બનાવનાર કોન્ટ્રાકટરને બોલાવી ઉચ્ચ ગુણવત્તાવાળું કામ કરવાની સૂચના આપી હતી અને વિકાસના કામોમાં સરકારી નાણાંનો પૂરેપૂરો ઉપયોગ કરવા અને ઉચ્ચ ગુણવત્તાનું કામ કરવાની સૂચના આપી હતી.

## કાલોલ તાલુકાના હિંમતપુરા ગામે વરસાદી પાણ નિકાલ ના થતાં રોગચાળો ફેલાવાની શક્યતા

કાલોલ,

કાલોલ તાલુકાના હિંમતપુરા ગામે વરસાદી પાણીનો નિકાલ થતો ન હોવાથી પ્રાથમિક શાળા નજીકથી પસાર થતો રસ્તો જાને તળાવ હોય તેમ પાણી ભરાઈ રહેતું હોવાથી ગામ લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પાછલા બે વર્ષથી પાણીનો નિકાલ થઈ શકતો નથી.

જેના કારણે ગામ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગ્રામ પંચાયતનો વહીવટ છેલ્લા બે વર્ષથી વહીવટદાર કરી રહ્યા છે, ત્યારે ગામ લોકોની મુશ્કેલીઓ દૂર ક્યારે થશે એવું ગામ લોકોના મુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે પાછલા બે વર્ષથી વહીવટદાર વહીવટ કરી રહ્યા છે ત્યારે ગામ લોકોની અનેક મુશ્કેલીઓ વેઠવી પડે છે. જેથી વેહલી તકે નિરાકરણ લાવી સમસ્યા દૂર કરે તેવી લોક માંગ ઉઠી છે.

## પંચમહાલ જિલ્લાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાદરવા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાહીના બે કર્મીઓને સરકાર શ્રીના ૨૦૧૯ પરિપત્ર આધારિત રૂ૧૪/૮૦૦ મુજબ પગાર ધોરણ ચૂકવવા આખરી આદેશ કરતી હાઈકોર્ટ

ગોધરા,

પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નાંદરવા મુકામે તારીખ ૨૬/૧૦/૯૯ થી પર સ્વીપર તરીકે ફરજ બજાવતા જસવંતભાઈ ડી હરીજન તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાહી મુકામે ૬/૪/૦૨થી વોર્ડ આયા તરીકે ફરજ બજાવતા લાલીતાબેન કે હરિજન તેઓને લાંબા સમયની નોકરી હોવા છતાં સંસ્થા દ્વારા ખૂબ જ ઓછો પગાર ચૂકવી તેમનું શોષણ કરવામાં આવતું હતું. તે બાબતે બંને શ્રમયોગીઓએ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ ભોઈ નો સંપર્ક કરી તેમના થતા શોષણ બાબતે રજૂઆત કરતા ફેડરેશ દ્વારા વિકાસ કમિશનર જુના સચિવાલય ગાંધીનગર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ સચિવાલય ગાંધીનગર અને જિલ્લાનું જિલ્લા પંચાયત ગોધરાને પંચમહાલને તારીખ ૨૬/૧૧/૨૦ના રોજ રીપ્રેઝન્ટેશન કરી અરજદારોને સરકાર શ્રી ના તારીખ ૧૬/૭/૧૯ના પરિપત્ર મુજબ માસિક રૂપિયા ૧૪/૮૦૦ પગાર ચૂકવવા તેમજ ના પરિપત્રના લાભો આપવા બાબતે જાણકારી કરેલ પરંતુ યોગ્ય સરકાર દ્વારા કોઈ પ્રત્યુતર આપવામાં આવેલ ન હતો, પરંતુ કામદારોને મૌખિક રીતે જણાવેલ કે આવા કોઈ લાભો તમને મળી શકે નહીં વકીલો દ્વારા તો આવા કાગળો આવ્યા કરે એવું જણાવતા ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એ નંબર ૧૧૩૦૬/૨૨ દાખલ કરે જે કેસમાં અરજદાર તરફે હાઈકોર્ટના એડવોકેટ દિપક આર દવે હાજર રહી કેસમાં પડેલા પુરાવા આધારિત દલીલો કરે એ દલીલો દ્યાને લઈ નામદાર ગુજરાત હાઈકોર્ટના ન્યાયમૂર્તિ નિખિલ એસ. કારીયેલે બંને શ્રમયોગીઓને સરકારશ્રીના પરિપત્ર મુજબ વર્ષ ૨૦૧૯ થી રૂા.૧૧૪/૮૦૦ મુજબ પગાર તેમજ પગાર તફાવતની રકમ ચૂકવવા તથા સરકારના તારીખ ૧૭/૧૦/૮૮ના પરિપત્રના લાભો મેળવવા માટે અલગથી પિટિશન દાખલ કરવાનો આદેશ ફરમાવતા કામદાર તથા તેમના પરિવારમાં આનંદ છવાયો છે.

## હાલોલમાં વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા હાલાકી

હાલોલ,

હાલોલ પંથકમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૯ મી.મી.વરસેલા વરસાદને લઈ નગરના કેટલાક નીચાણવાળા વિસ્તારો પાણીથી તરબોળ થયા હતા. પંથકમાં આ સીઝનનો કુલ ૧૬૬ મી.મી.વરસાદ નોંધાયો છે.

હાલોલ નગરમાં ગત શનિવારની બપોરથી મેઘરાજાનુ આગમન થતાં ગરમીથી ત્રાસી ગયેલા લોકોમાં ખુશી જોવા મળી હતી. ધરતીપુત્રો ખેતીલાયક વરસાદ થતાં ખેતી કામમાં જોતરાઈ ગયા હતા. નગરના કંજરી રોડ ઉપર ભુગર્ભ ગટરની કામગીરી બાદ રોડ પહોળો કરવા લાખોનો ખર્ચ કરી રોડની કામગીરી કરવામાં આવી હતી. તે કામગીરીમાં ઈજારદારે ભારે વેઠ ઉતારી રોડ બનાવી દેવામાં આવતા રોડ ઉપર ગાબડા પડી ગયા છે. આ ઉપરાંત રોડની બંને બાજુ વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલી ખાસ ગટર પણ કચરાથી જામ થઈ જતા અને વહીવટી તંત્ર દ્વારા પ્રિ–મોન્સુન કામગીરી નહિ કરતા ઉમા સોસાયટીમાં ધુંટણસમા પાણી ભરાઈ જતાં આ વિસ્તારના લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. વાહનચાલકો તો ઠીક પગે ચાલીને જવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આ ઉપરાંતત નગરમાં જુદા જુદા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. તો કેટલીક જગ્યાએ તાજેતરમાં ભુગર્ભ ગટર માટે ખોદેલા ખાડાઓને લઈ વરસાદમાં માટી પહોળી થઈ જતાં કિચડ તેમજ ગંદકી થઈ છે. તંત્ર દ્વારા પ્રિ–મોન્સુન કામગીરી વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન કરતા ઠેકઠેકાણે પાણી ભરાઈ ગયા છે.

## ઘોઘંબાના કણવી પાલ્લી ગામના તલાટી કમ મંત્રીએ ખોટું લગ્ન પ્રમાણપત્ર બનાવી ગુનો કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાઈ

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કણબી પાલ્લી ગામના તલાટી કમ મંત્રી દ્વારા ખોટું લગ્ન પ્રમાણપત્ર બનાવી ગુનો કર્યો હોવાની ગોધરા ધાનકાવાડના રહિશ દ્વારા ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરાના ધાનકાવાડ વિસ્તારમાં રહેતા જશવંતલાલ નથ્થુમલ પહેલજાણીએ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે કે, ઘોઘંબાના કણબી પાલ્લી ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ ૪ માર્ચ પછીના સમયગાળા દરમિયાન ફરિયાદીની પુત્રી કૃપાલીબેનના લગ્ન નિખિલકુમાર અર્જુનભાઈ ચૌહાણ સાથે થયા હોવાનું ખોટું લગ્ન પ્રમાણપત્ર બનાવી ગુનો આચાર્યની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે નોંધાવતા પોલીસે તલાટી સામે ગુનો નોંધી તપાસ કાર્યવાહી હાથ ધરી છે.